



## ગાંધીનગરમાં ભાજપના બુથ વિસ્તારક અભિયાનનો આરંભ

ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીનગરના તમામ બૂથોને સશક્ત કરવાનો કાર્યક્રમ આગામી ચૂંટણીને ધ્યાનમાં લઈને શરુ કરી દેવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરના બૂથ વિસ્તારક કાર્યક્રમના ભાગરૂપે ગાંધીનગરના ધારાસભ્યશ્રી, અશોકભાઈ પટેલ, મેયરશ્રી પ્રવિણભાઈ પટેલ, સ્ટેન્ડિંગ ચેરમેનશ્રી મનુભાઈ પટેલ, ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવે, ગાંધીનગર મહાનગરના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ, મહામંત્રીશ્રી, રૂચિરભાઈ ભટ્ટ, કનુભાઈ દેસાઈ, પંકજભાઈ ઠાકોર સહિત તમામ કોર્પોરેટરશ્રીઓ અને તમામ વોર્ડોના પ્રમુખશ્રીઓ તથા ગાંધીનગરના આગેવાનો સર્વશ્રી વાડીભાઈ પટેલ, શ્રી અશોકભાઈ ભાવસાર તથા પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ડે. મેયર કાર્તિક પટેલ, યુવા મોરચાના પદમસિંહ ચૌહાણ દ્વારા ગાંધીનગરના તમામ બૂથો ઉપર જઈને બૂથને મજબૂત બનાવવાનો પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યો છે. બૂથ વિસ્તારક કાર્યક્રમ અંતર્ગત આગામી ત્રણ દિવસમાં કેન્દ્રિય મંત્રી શ્રી પુરૂષોત્તમ રૂપાલા, શ્રી કે.સી. પટેલ તથા શ્રી સુરેન્દ્રકાકા પણ ખાસ ઉપસ્થિત રહીને બૂથના કાર્યકરોને માર્ગદર્શન આપશે. આ ઉપરાંત પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી, શ્રી ભીખુભાઈ દલસાણીયા સહિતના પ્રદેશના આગેવાનો પણ આગામી સમયમાં ગાંધીનગર મહાનગરના બૂથ લેવલના કાર્યકરોને માર્ગદર્શન આપશે તેમ ગાંધીનગર મહાનગરના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સીબીએસઈ ધોરણ-૧૨ના પરિણામમાં ડીપીએસના ચાર વિદ્યાર્થીઓ ઝળકયા

ગાંધીનગરની દિલ્હી પબ્લિક સ્કૂલના સાયન્સ અને કોમર્સ બંને વિદ્યા શાખાના વિદ્યાર્થીઓએ સીબીએસઈ બોર્ડના પરિણામોમાં ઉત્તમ ગુણાંક પ્રાપ્ત કરી શાળા તથા તેમના પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ પરિણામમાં



ગરીમા મુન્દ્રાએ ૯૮.૨ ટકા, ચારુ તિબેરવાલે ૯૫.૮ ટકા, તિર્થ પટેલે ૯૫.૮ ટકા અને ખુશી અગ્રવાલે ૯૫.૬ ટકા સાથે ઝળહળતી સફળતા હાંસલ કરી છે. શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




હોર્ન ન માર... ૪૫ ડીગ્રીમાં બાઈકની સીટ પર બેસી જો... તારા કરતા મારે ઉતાવળ છે...!!

# શહેરમાં વધતી જતી 'પતંજલિ'ની બોલબાલા

ગાંધીનગર, તા.૨૮

આજના માનવીની જીવનશૈલી બદલાઈ ગઈ છે. ઈન્ટરનેટ તેમજ કોમ્પ્યુટર યુગે માનવીનું જીવન બેઠાડું બનાવી દીધુ છે. ભાગદોડ ભરી જીંદગી અને બહારનું ચટાકેદાર ફુડને કારણે નાગરીકોના આરોગ્ય સામે ખતરો ઉભો થવા પામ્યો છે. ત્યારે એલોપેથી દવાની આડઅસર ચિંતાનો વિષય બને છે. આવા સંજોગોમાં શારીરીક સુખાકારી જાળવવા નાગરીકો યોગ પ્રાણાયમ કરી જાગૃત બન્યા છે. તો બીજી તરફ વિવિધ રોગોને જડમુડથી નાબુદ કરતી આર્યુવેદીક દવાઓનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં કરે છે. જેને પગલે ગાંધીનગર શહેરમાં પતંજલિના સ્ટોરની સંખ્યા દિનપ્રતિદિન વધી રહી છે. પતંજલિની દવાઓ, કોસ્મેટીક સહિત ઘરવપરાશની ચીજવસ્તુઓનું વેચાણ વિશેષ પ્રમાણમાં વધવા લાગ્યું છે. શહેરમાં પતંજલિના ૧૦થી વધુ સ્ટોર ખુલી ગયા છે. જયાંથી નાગરીકો પોતાની મનગમતી પતંજલિની ચીજવસ્તુઓની ખરીદી કરી રહ્યા છે. પતંજલિની ૮૦૦ થી વધુ પ્રોડકટ માર્કેટમાં મુકી છે. જયારે રૂ.૫ થી લઈને રૂ. ૬૦૦ સુધીની વસ્તુઓ વેચાય છે. ભારતના બજારમાં પતંજલિનું ફેશવોશ, એલોવીરાજેલ, દંતક્રાંતિ ટુથપેસ્ટ, હેર ઓઈલ, સાબુ, પાવડરનું વેચાણ સૌથી વધુ થાય છે. ભારતીય બજારમાં માત્ર ટુંકાગાળામાં પતંજલિની પ્રોડકટે નાગરીકોમાં અનોખુ આકર્ષણ ઉભુ કર્યું છે. ત્યારે બજારમાં મળતી ખાદ્યસામગ્રીની ગુણવત્તા પર પણ ઉભા થવા પામ્યા છે. બહારનું ખાવુ ઝેર ખાવુ તેવી પરિસ્થિતિ છે.જેને પગલે દવાઓની ગુણવત્તા ચકાસવી પડે તેવી હાલત છે. જયારે ભારતીય બજારમાં પતંજલિની દવાઓમાં ડાયાબીટીસ, પાચનતંત્ર, બ્લડપ્રેશર, હદય, જાડાપણું, કળતર સહિતની દવાઓ સરળતાથી મળી રહે છે. જયારે પતંજલિના સ્ટોરના પણ ચાર પ્રકાર પાડવામાં આવ્યા છે. જેમાં સ્વદેશી બજારમાં ઘરવપરાશની ચીજવસ્તુઅઓ, આરોગ્યકેન્દ્રમાં દવાઓ વિવિધ રોગની, ચિકિત્સાલય કે જેમાં ડોકટર તપાસીને દવા આપે છે.જયારે મેઘામોલમાં તમામ પ્રોડકટ રાખવામાં આવે છે.

## ઝીકા વાયરસને લઈ કોઈએ ડરવાની જરૂર નથી

ગાંધીનગર, તા.૨૮

અમદાવાદમાં બાપુનગર વિસ્તારમાં ગત નવેમ્બર માસની અંદર ઝીકા વાયરસના કેસે દેખા દીધા બાદ ઝીકા વાયરસના ત્રણ કેસ મામલે થયેલા ઘટસ્ફોટ બાદ આજે રાજયના મુખ્યસચિવ ડૉ. જે. એન. સિંઘે રાજયના લોકોને અપીલ કરતા કહેવામાં આવ્યું છે કે, ઝીકા વાયરસ મામલે કોઈએ ગભરાવવાની જરૂર નથી. આ મામલે રાજય સરકાર ચિંતિત છે તમામ પ્રકારના પગલા લેવામાં આવી રહ્યા છે. અત્યાર સુધીમાં આ મામલે ૧૦ લાખથી વધુ લોકોના લોહી ટેસ્ટ કરવામાં આવ્યા છે. વિગત એવી છે કે, અમદાવાદના પૂર્વ આવેલા બાપુનગર વિસ્તારમાં એક ૬૨ વર્ષના વ્યક્તિના લોહીના ટેસ્ટમાં ઝીકા વાયરસ માલુમ પડ્યા હતા. બાદમાં જાન્યુઆરી માસમાં કરવામાં આવેલા સર્વેમાં વધુ એક ૨૨ વર્ષની મહિલાના ટેસ્ટમાં પણ ઝીકાના વાયરસ માલુમ પડ્યા હતા. આ સાથે એક અન્ય સગર્ભા મહિલાના લોહીમાં પણ આ વાયરસ માલુમ પડ્યા હતા.




## કૈલાસ-માનસરોવરના યાત્રિકોનું અભિવાદન

ગાંધીનગરથી કૈલાસ-માનસરોવરની યાત્રાએ જઈ રહેલા શ્રધ્ધાળુ યાત્રિકોનું સેકટર-૨૧ના વૈજનાથ મહાદેવ મંદિરે પરંપરાગત રીતે સન્માન કરવામાં આવ્યું હતું તથા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ તબક્કે યોજાયલ કાર્યક્રમમાં યાત્રિકોનું મેડીકલ ચેકઅપ કરવાની સુવિધા પણ યોજવામાં આવી હતી તથા યાત્રિકોને જરુરી સાવચેતી માટે માહિતી-માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર કૈલાસ-માનસરોવર યાત્રા સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત સનદી અધિકારી અને સમાજસેવક એચ. બી. વરીયા તથા જાણીતા સાહિત્યકાર કુ. પ્રજ્ઞાબેન પટેલે ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

# 'કુછ ખાસ હૈ, કુછ બાત હૈ' : સચિવાલયમાં પ્રધાનો અને ઓફિસરો ઓનલાઈન બન્યા

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

સચિવાલય ધીમે ધીમે સ્માર્ટ બની રહ્યું છે. ફાઈલોની હેરફેર સોશ્યલ માધ્યમથી થઈ રહી છે. સરકારના પ્રધાનો અને અધિકારીઓ ફ્રેન્ડલી બનતા જાય છે. વોટ્સ અપના માધ્મયથી સવાલો અને જવાબોની આપ-લે થાય છે. સચિવાલયમાં જિલ્લાકક્ષાની બેઠકો ઓછી થઈ છે જે સારી નિશાની છે. બધું કામ વિડીયો કોન્ફરન્સથી નિપટાવવામાં આવે છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી, આરોગ્ય રાજ્યમંત્રી શંકર ચૌધરી, મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા ઓનલાઈન છે. ઓફિસરોમાં પંજક કુમાર, રાજીવ ગુપ્તા, વિજય નહેરા અને અજય ભાદુએ સરાહનિય કામ કર્યું છે. તેમના વિભાગોની અપડેટ્સ વોટ્સ અપ, ફેસબુક અને ટ્વિટરના માધ્યમથી લોકો સુધી પહોંચાડી રહ્યાં છે. વિડીયો કોન્ફરન્સનો મજબૂત પ્રયોગ નરેન્દ્ર મોદીએ શરૂ કર્યો છે. ટેકનોલોજી સાથે ચાલતા આપણા વડાપ્રધાન કોઈ સરકારને આ દિશામાં પછાત જોવા માગતા નથી. આ બદલાવ ઈચ્છનિય છે, ક્યોંકી હમારા દેશ બદલ રહા હૈ...

> **નામ મે ક્યા રખા હૈ... ભાઈ, નામ લિયા તો આપસે ગહરી દોસ્તી હો સકતી હૈ**

**● ગુજરાતની પીછેહટ થાય છે, આવું કેમ?...**

ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં આગળ પડતું રાજ્ય હોવાનો દાવો થઈ રહ્યો છે ત્યારે જનરલ મોટર્સ કેમ ગુજરાત બહાર પગ કરી ગઈ છે, તે સમજવાનો વિષય છે. રાજ્યના હાલોલમાં કારપ્લાન્ટ નાંખનારી યુએસની પ્રથમ કંપની ગુજરાતનો વર્ષો જૂનો પ્લાન્ટ બંધ કરી હવે તેનો નવો પ્લાન્ટ મહારાષ્ટ્રમાં નાંખી રહી છે. આ એક જ ઉદાહરણ પાડોશી રાજ્યોની દાનત ઉપર શંકા કરે છે. બીજી તરફ ગુજરાતને સોલાર હબ બનાવવાનું સપનું રોળાતું હોય તેમ લાગે છે, કારણ કે પાડોશી રાજ્ય રાજસ્થાન સૌથી મોટા સોલાર સ્ટેટ તરીકે ઉભરી રહ્યું છે. મહારાષ્ટ્ર તેના સાત શહેરોને સોલાર સિટીમાં ફેરવવા માગે છે. સોલારમાં પણ કોમ્પિટીશન શરૂ થઈ ચૂકી છે. દેશ કે વિદેશની કંપનીઓને તંદુરસ્ત સ્પર્ધા નહીં, પરંતુ અનુકૂળ વાતાવરણ જોઈએ છે અને તે તેમને આપણા પાડોશી રાજ્યોમાંથી મળે છે. આજે મહારાષ્ટ્ર, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, નવી દિલ્હી જેવા રાજ્યો ઔદ્યોગિકરણમાં ખૂબ આગળ વધી ચૂક્યા છે. ગુજરાતમાં હજી પણ નવા ઔદ્યોગિક એકમોને દક્ષિણા આપવી પડે તેવી હાલત છે. વાયબ્રન્ટ સમિટમાં થયેલા એમઓયુ પ્રમાણે ઉદ્યોગ સ્થાપવા માગતા નાના ઉદ્યોગપતિઓને સરકારી કચેરીના ધક્કા ખાવા પડે છે. કેટલાય નાના અને મધ્યમ ઉદ્યોગો એવા છે કે જેમને સરકાર તરફથી મેઈલ ના જવાબ જ મળ્યા નથી...

**● મેટ્રોરેલ- એક સપના અભી અધુરા હૈ...**

અમદાવાદ મેટ્રોરેલ પ્રોજેક્ટનો પ્રારંભ તો થયો છે પરંતુ તેની ગતિ એટલી ધીમી છે કે આ પ્રોજેક્ટને પૂરો કરવામાં ૨૦૧૭ પણ પસાર થઈ જાય તો નવાઈ પામવા જેવું નથી. ભારત સરકારે ૨૦૦૩ના વર્ષમાં મેટ્રોરેલ કરવા માટે શહેરોની યાદી મંગાવી હતી પરંતુ આપણે મેટ્રોની જગ્યાએ બીઆરટીએસ પસંદ કરી અને જયપુર માટે રાજસ્થાને મેટ્રો પસંદ કરી, જયપુર આજે આગળ છે. આપણે પાછળ રહી ગયા છીએ. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોરેલ દોડાવવાના ઈરાદા ૧૯૯૯માં આપણે રાખ્યા હતા. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે એવો દાવો કર્યો હતો કે અમદાવાદ મેટ્રોરેલની જેમ આપણે રાજકોટ, સુરત અને વડોદરામાં પણ મેટ્રોરેલનો પ્રોજેક્ટ શરૂ કરવાનો છે. જો અમદાવાદ મેટ્રોની આ હાલત હોય તો બાકીના શહેરો માટે તો આપણે ૨૦૨૫ સુધી રાહ જોવાની રહેશે, અથવા તો ઈરાદો એક ચૂંટણી સ્વપ્ન બનીને રહી જશે...

**● મોદીની નિર્ણયશક્તિ ગજબની છે...**

સરકારના પ્રધાનો અને ઓફિસરો પાસે નિર્ણય શક્તિ હોય તો શું ના થઈ શકે?... ગાંધીનગરમાં ત્રણ પ્રોજેક્ટના ઉદાહરણ મોજૂદ છે જે ખૂબ જ ઓછા સમયમાં પાર પડ્યા છે. તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીની નિર્ણય શક્તિ ગજબની હતી. તેઓ ધાર્યું કામ કરાવી શકે છે. સ્વર્ણિમ ગુજરાતના ૫૦ વર્ષમાં કોઈ સરકારને યાદ ના આવ્યું તેવું મહાત્મા મંદિર બનાવવાનું કામ મોદીએ કર્યું છે, અને તે પણ ૧૮૨ દિવસના ટૂંકાગાળામાં તેનું ઉદઘાટન પણ કરી નાંખ્યું હતું. મોદીએ બીજું કામ મિની સચિવાલય બનાવવાનું કર્યું. અને એ પણ સચિવાલય અને વિધાનસભાની વચ્ચે, જેનું નામ સ્વર્ણિમ સંકુલ આપવામાં આવ્યું અને તેમાં ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. ત્રીજો મહત્વનો પ્રોજેક્ટ ગિફ્ટ સિટીનો છે. સાબરમતી નદીની કોતરોની જમીનને સમથળ કરીને પૂરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ગિફ્ટ સિટીના બે ટાવર ઉભા કરી દીધા છે. પહેલો ટાવર તો ૧૦૦ થી વધુ દિવસમાં પૂર્ણ થઈ ગયો હતો. આ ત્રણ પ્રોજેક્ટ એકલા ગાંધીનગરમાં છે અને તે બીજી સરકારો માટે ઉદાહરણરૂપ એટલા માટે છે કે જેના નિર્માણમાં ૨૦૦ દિવસ પણ થયા નથી.

**● ૧૭,૦૦૦ કરોડમાં ગુજરાત પણ આવી જાય**

ભારતના વિવિધ દેશોમાં વિવિધ કલાઓ મોજૂદ છે. વિદેશીઓને આકર્ષિત કરતી હેન્ડીક્રાફ્ટની ચીજવસ્તુનું માર્કેટ ખૂબ વિકસ્યું છે. એસોચેમના રિપોર્ટ પ્રમાણે ભારતની હેન્ડીક્રાફ્ટ નિકાસ વધીને ૧૭,૦૦૦ કરોડ થઈ છે અને ૨૦૨૦ સુધીમાં તે ૨૪,૦૦૦ કરોડનું વિદેશી માર્કેટ સર કરશે. ૨૦૧૪-૧૫માં નિકાસનો આંકડો ૯,૦૦૦ કરોડ હતો જેમાં છેલ્લા એક વર્ષમાં ૮,૦૦૦ કરોડનો વધારો નોંધાયો છે. ભારતભરમાં હેન્ડીક્રાફ્ટના કુલ ૨૮૬૪ ડસ્ટર્સ છે જે પૈકી સૌથી વધુ ૩૨૫ એકલા ઉત્તરપ્રદેશમાં આવેલા છે. એ ઉપરાંત ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર અને ગુજરાતનો સમાવેશ થાય છે. ભારતના હસ્તકલાના આશિકોમાં ૨૮ ટકા સાથે અમેરિકા મોખરે છે. એ પછી ૧૧ ટકા હિસ્સો યુએઈનો અને ૫-૫ ટકા હિસ્સો જર્મની, યુકે અને લેટિન અમેરિકાનો આવે છે...

**● કોંગ્રેસ આ છ મુદ્દા સ્વીકારે તો સફળતા ...**

ગુજરાત કોંગ્રેસમાં ઘણો બદલાવ જરૂરી છે. જો કોંગ્રેસ પ્રેક્ટિકલ થાય તો ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ઉત્તમ દેખાવ કરી શકે તેમ છે. કોંગ્રેસના એક સિનિયર નેતાએ પાંચ બાબતો પર ભાર મૂક્યો છે — ૧. સ્વચ્છ, પ્રતિભાશાળી અને પ્રામાણિક યુવા ઉમેદવારો છ મહિના પહેલા જાહેર થાય. ૨. કોઈપણ ચૂંટણીમાં ભાજપનો એકપણ ઉમેદવાર બિનહરીફ ચૂટાઈ આવવો ન જોઈએ. ૩. જે ઉમેદવાર હોય તેને પાર્ટીના તમામ નેતાઓ અને કાર્યકરોનું સમર્થન મળવું જોઈએ. ૪. ભાજપની સરકાર સામે પ્રહારો કરવાની જગ્યાએ આપણે શું કરવા માગીએ છીએ તેનું પ્રજા સમક્ષ પ્રેઝન્ટેશન થવું જોઈએ. ૫. કમિટેડ ઉપરાંત બીજી પાર્ટીના મતદારોને કોંગ્રેસ તરફ ઢાળવા માટે માઈક્રો પ્લાનિંગથી સંગઠનમાં કામ થવું જોઈએ અને ૬. પ્રદેશના નેતાઓ મતભેદો અને મનભેદો ભૂલી એકજૂથ બની ચૂંટણી લડે. જો આ છ મુદ્દાઓનો મોવડીમંડળ અને પ્રદેશ નેતાગીરી સ્વિકાર કરશે તો કોંગ્રેસ રાજ્યભરમાં ઉત્તમ દેખાવ કરી શકશે...

**● PM કે CM માં રોટેશન હોય તો શું થાય ...**

ભારતના પ્રાઈમ મિનિસ્ટર અને તેઓ જેનું પ્રતિનિધિત્વ કરે છે તે લોકસભા વિસ્તાર ઉપર નજર કરીએ તો માલૂમ પડે છે કે સુપ્રિમ પદનો મતદારોને ફાયદો જરૂર થાય છે. જે તે વિસ્તાર વીવીઆઈપી બની જાય છે. નજર કરો કે આપણા અત્યાર સુધીના પ્રાઈમ મિનિસ્ટર કે જેઓ જ્યાંથી ચૂંટાઈ આવ્યા છે તે વિસ્તારમાં લોકજીવન કેવું છે. અમેઠીનું નામ પડતાં જ ગાંધી પરિવાર યાદ આવી જાય છે. ઈન્દિરા હોય કે રાજીવ, સોનિયા હોય કે રાહુલ જરા પણ નેગેટીવનેસ આવે એટલે આ પરિવાર અમેઠીની ચિંતા કરે છે. અત્યારે વારાણસીની ચિંતા નરેન્દ્ર મોદી કરે છે. આ વિસ્તારમાં કોઈપણ ચીજની કમી મહેસૂસ રહેવી જોઈએ નહીં. ગુજરાતમાં પણ એવું જ હતું. ગુજરાતમાં ૧૬ ચીફ મિનિસ્ટર આવ્યા છે. લગભગ બધાંનો મત વિસ્તાર અલગ અલગ રહ્યો છે. નરેન્દ્ર મોદી અમદાવાદના મણીનગરનું પ્રતિનિધિત્વ કરતા હતા, પરિણામ સામે છે- કાંકરિયા તળાવની સુરત બદલાઈ ચૂકી છે. મણીનગરના કેટલાક વિસ્તારો કે જ્યાં જવું પણ ગમે નહીં એવું હતું તે આજે સુપર સડકોથી કનેક્ટેડ છે. વિચાર કરો કે પ્રાઈમ મિનિસ્ટર અને ચીફ મિનિસ્ટરમાં રોટેશન હોય તો, પાંચ વર્ષમાં બે લોકસભા કે બે વિધાનસભા વિસ્તારનો વિકાસ શક્ય બની શકે છે...

> **નવા પ્રોજેક્ટ માટેની નિર્ણયશક્તિમાં નરેન્દ્ર મોદીને કોઈ નેતા પહોંચી ન શકે**

**● ભાજપનું ૨૦૧૭-૨૦૨૨નું મુખ્ય સ્વપ્ન...**

ગુજરાત સક્રિયપણે અમદાવાદ-ગાંધીનગર, સુરેન્દ્રનગર-વઢવાણ, માધાપર-ભૂજ, સુરત-નવસારી, વડોદર-હાલોલ, ભરૂચ-અંક્લેશ્વર અને મોરબી-વાંકાનેર ટ્વીન સીટી પર કામ કરી રહ્યું છે. શ્રેષ્ઠ શહેરોની રચનાની દિશામાં ગુજરાતની પહેલને ટ્વીન સીટીથી ચોક્સપણે લાભ મળી રહેશે. ટ્વીન સીટી સાથે સરકાર સેટેલાઈટ ટાઉન પણ વિકસિત કરવા જઈ રહી છે અને વિશ્વ સ્તરના શહેરોનું નિર્માણ ગુજરાતને વાઈબ્રન્ટ ભવિષ્ય તરફ દોરી જશે. દિલ્હી જેવા શહેરને વિકાસ માટે ઘણો લાંબો સમય લાગ્યો, પરંતુ ધોલેરા દિલ્હી કરતાં બે ગણા, શાંઘાઈ કરતાં છ ગણું મોટું હશે અને આધુનિક માળખાગત સુવિધા બાબતે ઘણું આગળ હશે. ગાંધીનગરના આંગણે ગુજરાત દુનિયાનું અગ્રક્રમનું ફાયનાન્સિયલ ટેક સિટી બનાવવા આગળ વધી રહ્યું છે. સ્માર્ટ સિટીની સાથે સમુદ્રકિનારાના શહેરોની દિશામાં ગુજરાતે નજર દોડાવી છે. આ રાજ્યને મળેલો ૧૬૨૦ કિલોમીટરનો લાંબો દરિયાકિનારો સમૃદ્ધિનું નવું પ્રવેશદ્વાર છે. એક રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે સાગર કિનારાના શહેરો જામનગર, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, નવસારી, વલસાડ, ભાવનગર અને ભરૂચ તેમજ સુરતમાં વિકસાવી શકાય તેમ છે. આ નવી યોજનાઓ ભાજપના ૨૦૧૭-૨૦૨૨ના એજન્ડામાં પ્રમુખસ્થાને આવી ચૂકી છે.

**● એક સપનું જે પૂર્ણ થઇ શક્યું જ નહીં...**

ગુજરાતના પાટનગરનું ક્લેવર બદલાઈ રહ્યું છે. જે ચીફ મિનિસ્ટર આવે છે તે પ્રત્યેક પાટનગરને નવી ઓળખ આપે છે. તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ગાંધીનગરને સોલાર સિટીની ઓળખ આપી સોલાર એનર્જીના પ્રોજેક્ટ શરૂ કર્યા હતા. તેમણે રૂફટોપ પોલિસી લાવીને રહિશોના ઘરની અગાસી ઉપર સોલારના પ્લાન્ટ શરૂ કરાવી દીધા હતા. આ યોજના પૂર્ણરૂપથી અમલમાં આવે તે પહેલાં જ તત્કાલિન મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલે ગાંધીનગરને ફ્લાવર સિટી બનાવવાનું નક્કી કર્યું હતું. શહેરીજનોને યાદ છે કે વિધાનસભાની સામે વર્ષો પહેલાં એક ગુલાબ ઉદ્યાન હતો જેમાં ૫૦ જાતના ગુલાબના છોડ વાવવામાં આવ્યા હતા. કુદરતી સૌંદર્યથી ભરપૂર આ ગાર્ડન સમય જતાં સરકારે તોડી નાંખ્યા પછી શહેરમાં ફુલોનો કોઈ બગીચો રહ્યો નથી. આનંદીબેનની યોજના પ્રમાણે શહેરના વિવિધ સેક્ટરો તેમજ સરકારી ઈમારતો પાસેની ખુલ્લી જગ્યામાં શુશોભિત ફુલોના છોડ તેમજ ડેકોરેટીવ પ્લાન્ટ રોપવાની હતી પરંતુ તેઓને સત્તા છોડવી પડી અને તેમના આ સપનાના મિનારા કકડભૂસ બની ગયા છે. હવે ફ્લાવર સિટીને કોઈ યાદ કરતું નથી.

**● ૧૧,૩૫૬ પરિવારો અત્યંત નસીબદાર છે...**

આયુર્વેદમાં કહેવામાં આવ્યું છે કે સૌથી ઉત્તમ પાણી ઝાકળનું છે. બીજાક્રમે વહેતા ઝરણાંનું પાણી આવે છે, ત્યારબાદ નદી, કેનાલ અને કુવાના પાણીની વાત કરવામાં આવી છે. ઝાકળનું પાણી તો કોઈને મળતું નથી પરંતુ ગુજરાતના કેટલાક પરિવારો એવા ખુશનસીબ છે કે જેમને આજેપણ ઝરણાંનું પાણી પીવા મળે છે. રાજ્યમાં થયેલા એક સર્વે પ્રમાણે ૧૧,૩૫૬ લાખ પરિવારો આજે પણ ઝરણાંનું પાણી પીવે છે જે પૈકી ૯૭૯૫ પરિવારો ગામડામાં રહે છે અને ૧૫૬૧ પરિવારો શહેરોમાં વસે છે. ૫.૮૩ લાખ પરિવારો ખુલ્લા કુવામાંથી પીવાનું પાણી મેળવે છે, જ્યારે ૪૧,૬૮૫ પરિવારોને વહેતી નદીનું પાણી ઉપલબ્ધ છે...

**● માર્ગ અકસ્માતો રોકવાનો બેસ્ટ ઉપાય...**

ગુજરાતમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને રોકવા માટેનો બેસ્ટ વિકલ્પ રસ્તા ઉપર સલામત અંતરે રાખવામાં આવતા બેરીકેટ છે તેવું ગૃહ વિભાગના ભૂતપૂર્વ એડિશનલ ચીફ સેક્રેટરી ડો. સુદીપકુમાર નંદાનું માનવું છે. તેઓ કહે છે કે માર્ગો ઉપર વાહનોની સ્પીડને કન્ટ્રોલ કરવાનું સાધન બમ્પ નથી પણ બેરીકેટ છે. આડશો છે, કે જેના કારણે પુરપાટ આવતા વાહનો ધીમા પડે છે. હાઈવે પર વળાંક કે જ્યાં રસ્તા ક્રોસ થતા હોય ત્યાં સ્પીડબ્રેકર્સની સાથે બેરીકેટ લગાવવામાં આવે તો હાઈવે અકસ્માતો પણ ઘટાડી શકાય છે. ગાંધીનગર શહેરમાં અકસ્માતો ઘટવાનું મુખ્ય કારણ પ્રવેશદ્વારે મૂકવામાં આવેલા બેરીકેટ છે. ટ્રાફિક પોલીસને આ બેરીકેટના કારણે રાહત થઈ છે. એક ટ્રાફિક પોલીસે તેના અનુભવ કહેતા કહ્યું હતું કે માર્ગની સાઈડે સ્પીડ લિમીટના બોર્ડ મૂકવાથી કે સ્પીડબ્રેકરના કારણે અકસ્માતોના પ્રમાણમાં ફરક પડતો નથી, પણ જ્યારથી આ શહેરમાં બેરીકેટ મૂકવામાં આવ્યા છે ત્યારથી અકસ્માતોનું પ્રમાણ ઘટી ગયું છે.